ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૪૪.૦ ડીગ્રી
લઘુતમ : ૩૦.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૩ ટકા ● સાંજે ૨૩ ટકા

# પરિણામથી નાસીપાસ ચાર વિદ્યાર્થીને આપઘાત કરતા બચાવવામાં આવ્યા

## કડી સર્વ વિશ્વ વિદ્યાલય અને પોલીસની જીવન આસ્થાની ટીમે કેનાલને ફરતે દિવસભર પેટ્રોલીંગ કર્યું



ગાંધીનગર, તા.૨૮

કડી સર્વ વિશ્વ વિદ્યાલયની ટીમ અને ગાંધીનગર જિલ્લા પોલીસ દ્વારા કાર્યરત જીવન આસ્થા હેલ્પલાઈનની ટીમે સાથે મળીને આજે વહેલી સવારથી દિવસભર ખરી ગરમીમાં કેનાલને ફરતે પેટ્રોલીંગ કર્યું હતું. આજે જાહેર થયેલા ધો-૧૦ના પરિણામમાં કોઈ વિદ્યાર્થી નાસીપાસ થઈ આપઘાત કરી ન જાય તે માટે ટીમ તૈનાત થઈ હતી. છેલ્લા ચાર વર્ષથી આ ટીમ દ્વારા આ કાર્ય કરવામાં આવે છે. ચાર વિદ્યાર્થીઓનો જીવ બચાવવામાં ટીમને સફળતા મળી છે. તન્મય પટેલ, રાહુલ સુખડીયા, મૌલિક પટેલ, રાહુલ રંગાણી, સતીષ પટેલ, જયદિપ પટેલ, હાર્દિક પટેલ, દેવ દવે, અવિનાશ પટેલ, કરણ કિનંદર ગોડિયા, બકુલ પટેલ, બંકિમ પટેલ અને ચિંતન ત્રિવેદી સહિતના સ્વયંસેવકોની ટીમે આ કાર્ય પોલીસની મદદથી કર્યું હતું.

# શ્રમિક પરિવારની દીકરીએ ઉચ્ચ પરિણામ લાવી પિતાનું ગૌરવ વધાર્યું

ગાંધીનગર, તા.૨૮

'યે હૌંસલો કી ઉડાન હૈ' માણસ જીવનમાં પોતાના દમ પર જોમ અને જુસ્સા સાથે કંઈ કરી છુટવા વિચારી લે છે તો કઈ પણ કરી શકે છે. તેનું શ્રેષ્ઠત્તમ ઉદાહરણ ગાંધીનગરના શ્રમિક પરીવારની દિકરીએ પુરું પાડયું છે. શહેરના સેકટર-૧૫ ફતેપુરામાં રહેતી શ્રમિક પરીવારની દીકરીએ નજીવી પરિસ્થિતિમાં પણ ધો-૧૦માં ૮૦ ટકા મેળવી આજે પોતાના પિતાનું માથું ખરેખર ગર્વ અને સન્માનથી ઉંચુ કરી નાંખ્યું છે.

આજના સ્પર્ધાત્મક શિક્ષણમાં સ્કુલ હાઈટેક બની છે વિદ્યાર્થીઓ પણ અનેક સુખ સુવિધાઓ સાથે શિક્ષણ મેળવી રહ્યા છે ત્યારે સામાન્ય સ્કુલમાં અભ્યાસ કરી નજીવી સુવિધાઓ વચ્ચે ફતેપુરા ગામના શ્રમિક પિતાની ૮૦ ટકાએ પાસ થનાર દિકરી પાસેથી કંઈક શીખવાની જરુર છે. શહેરના ફતેપુરામાં રહેતા રામદાસ યાદવ છ દીકરા દીકરીના



પિતા છે. રામદાસ યાદવ પોતાની પત્ની અને બાળકો સાથે રહે છે અને પોતે કલરકામ કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. આ છ સંતાનો પૈકીની એક સપના રામદાસ યાદવ સેકટર-૧૫માં આવેલી માતંગી વિદ્યાલયમાં ધોરણઃ૧૦માં અભ્યાસ કરતી હતી અને તેણે ધોરણ-૧૦ના આજે જાહેર થયેલા પરિણામમાં ઘરની સામાન્ય પરિસ્થતિની વચ્ચે ૮૦ ટકા ગુણ મેળવતા પરીવારમાં ખુશીઓની લહેર પ્રસરી જવા પામી છે.

# મધ્યાહન ભોજન કર્મચારીઓના ધરણા યોજાયા

ગાંધીનગર, તા. ૨૮

ગુજરાત સરકારની મધ્યાહન ભોજન યોજનામાં કામ કરતા કર્મચારીઓ જેમ કે સંચાલક, રસોઈયા, તેમજ મદદનીશો છેલ્લા ત્રણ દાયકાથી સામાન્ય વેતન આપી કામ કરી રહ્યા છે. મધ્યાહન ભોજનના કર્મચારીઓ છેલ્લા ઘણા સમયથી લઘુતમ વેતન માટે આંદોલન કરી રહ્યા છે તેમ છતા સરકારના કાને આ કર્મચારીઓની વાત સંભળાતી નથી. ત્યારે આજે ગુજરાત રાજ્ય મધ્યાહન ભોજન યોજના કર્મચારી મહામંડળ દ્વારા સત્યાગ્રહ છાવણી ખાતે એક દિવસીય ધરણાનો કાર્યક્રમ યોજ્યો હતો. આ કાર્યક્રમમાં રાજયભરમાંથી પાંચસોથી વધુ કર્મચારીઓ એકઠા થયા હતા.

ગુજરાતભરમાં મધ્યાહન ભોજન યોજના હેઠળ હજ્જારો કર્મચારીઓ છેલ્લા ૩૪ વર્ષથી ફરજ બજાવી રહ્યા છે. આ કર્મચારીઓમાં સંચાલકને માસિક ભાડું રૂ.૧૬૦૦, રસોઈયાને રૂ. ૧૪૦૦, તેમજ મદદનીશને રૂ. ૧૦૦૦ વેતન મળે છે. ત્યારે સામાન્ય વેતનમાં આટલી કારમી મોંઘવારીમાં કુટુંબનું ભરણ પોષણ કરવું તેઓના માટે કઠીન બની ગયું છે. જયારે છેલ્લા ૨૭ વર્ષથી કર્મચારીઓનું શોષણ થઈ રહ્યું છે. ત્યારે કર્મચારીઓની પડતર માંગણીઓમાં કર્મચારીઓનું પગાર ધોરણ-લઘુતમ વેતન કાયમી કરવું, દાખલ કરી છે તે રદ કરી છુટ્ટા થયેલા કર્મચારીઓને પોતાના મુળ કેન્દ્ર પર પુન નિમણુંક આપવી,



એન.જી.ઓ. દાખલ નહીં કરવી અને જિલ્લાઓમાં એનજીઓ મધ્યાહન ભોજન યોજનામાં નવા મેનું તેમજ અલાયદી નાસ્તો આપવાનો જીઆર કર્યો છે તે રદ કરવો. મંડળ દ્વારા પડતર માંગણીઓ છે જેનો અમલ કરવા માટે અનેકવાર લેખિત તેમજ મૌખિક રજુઆતો તંત્ર સમક્ષ કરવામાં આવી છે. તેમ છતા આ મધ્યાહન ભોજન યોજનાના કર્મચારીઓનો નિવેડો આવ્યો નથી. ત્યારે આજરોજ મધ્યાહન ભોજન યોજના કર્મચારી મહામંડળ દ્વારા સત્યાગ્રહ છાવણી ખાતે એક દિવસીય ધરણાનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં સરકાર વિરુદ્ધ સુત્રોચ્ચાર કરી રોષ ઠાલવ્યો હતો.આ કાર્યક્રમમાં રાજયભરમાંથી કર્મચારીઓ હાજર રહ્યા હતા.

# વાવોલ પાસે ટ્રક અને કાર વચ્ચે અકસ્માતમાં બે ઘાયલ



ગાંધીનગર, તા.૨૮

શહેરના ક રોડ પર વાવોલ પાસે દેવ ઈન્ટરનેશનલ સ્કુલ સામે ગઈ મોડી સાંજે ટ્રક અને કાર વચ્ચે અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં ટ્રક રસ્તાની બાજુમાં ખાડામાં ઉતરી ગયો હતો. સદભાગ્યે આ અકસ્માતમાં કોઈ જાનહાની થવા પામી ન હતી. કાર સવાર બે વ્યકિતઓ ઘાયલ થતા સારવાર અર્થે લઈ જવાયા હતા.

## વાતવાતમાં

● શહેરના મંદિરો પર બપોરથી ઘંટારવ ગુંજવા લાગ્યા હતા. ધો-૧૦ના બોર્ડના પરિણામ પછી જે વિદ્યાર્થીઓએ ઈચ્છિત પરિણામ મેળવવા બાધા-આખડી માનતા માની હતી તેમણે ધાર્યું પરિણામ આવતા બાધા પૂર્ણ કરવા વાલીઓ સહિત મંદિરોની વાટ પકડી હતી.

## સે-૩ મુખ્ય શોપીંગ પાસે ઈલેકટ્રીક ડીપીમાં આગ

ગાંધીનગર, તા.૨૮

ગરમીને પગલે પાટનગરના મોટા ભાગના મકાનો-દુકાનો અને ઓફીસોમાં એસી ધમધમી રહ્યા છે. જેને કારણે લોડ વધતા શોર્ટસર્કીટથી આગ લાગવાના કિસ્સાઓ પણ વધી ગયા છે. આજે બપોરે સેકટર-૩ મુખ્ય શોપીંગ પાસે ઈલેકટ્રીક ડીપીમાં શોર્ટસર્કીટથી આગ લાગી હતી. ગાંધીનગર



ફાયરબ્રિગેડની ટીમ સ્થળ પર પહોંચી ગઈ હતી અને આગને કાબુમાં લઈ લીધી હતી. સદભાગ્યે કોઈને મોટું નુકશાન કે કોઈને ઈજાઓ થવા પામી ન હતી.

## કૌશલ્ય કલબ દ્વારા રસોઈ શો અને મેગા હાઉસીનું આયોજન

ગાંધીનગર, તા.૨૮

કૌશલ્ય કલબ ગાંધીનગર દ્વારા આગામી તા. ૩૦ મે બુધવારના રોજ બપોરના ૨ થી ૬ કલાક દરમિયાન સેકટર-૧૨ આંબેડકર હોલ ખાતે રસોઈ શો અને મેગા હાઉસીનું આયોજન કરવામાં આવ્યું છે. આ રસોઈ શો અને મેગા હાઉસીમાં અમદાવાદના જાણીતા શેફ હિનાબેન ગૌતમ ઉપસ્થિત રહેશે. આ રસોઈ શો માં પ્રવેશ નિઃશુલ્ક છે પરંતુ નામ નોંધાવવુ ફરજીયાત છે. રસોઈ શો માં ભાગ લેવા ઈચ્છુક બહેનોને તા. ૩૦ના રોજ બપોરના ૨.૪૦ સુધી પ્રવેશ આપવામાં આવશે. ત્યારે આ શો અને મેગા હાઉસીમાં નામ નોંધાવવા માટે વૈશાલી જોશી-૯૯૨૫૨ ૩૪૯૮૫, હર્ષાબા ધાંધલ - ૮૪૦૧૯ ૦૨૩૩૫, હર્ષાબેન પટેલ અને ગીતાબેન ખુમારનો સંપર્ક કરવા વૈશાલીબેન જોશીએ જણાવ્યું છે.

# ઓઢવના યુવાને સુઘડ કેનાલમાં ઝંપલાવી મોતને વ્હાલુ કર્યું

## રાત્રે કેનાલમાં છલાંગ લગાવનાર યુવાનનો સવારે મૃતદેહ મળ્યો : આપઘાતનું કારણ અકબંધ

ગાંધીનગર, તા.૨૮

કોબા-ઈન્દિરાબ્રીજ રોડ ઉપર સુઘડ નર્મદા કેનાલમાં ગઈ રાત્રે એક યુવાને છલાંગ લગાવી મોતને વ્હાલુ કરી દીધું હતું. ફાયરબ્રિગેડની મદદથી કેનાલમાં શોધખોળ કરી આજે સવારે યુવાનનો મૃતદેહ બહાર કાઢવામાં આવ્યો હતો. અમદાવાદના ઓઢવ વિસ્તારનો આ યુવાન હોવાનું બહાર આવ્યું છે. અડાલજ પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી મૃતદેહ પી.એમ. કરાવી આપઘાતનું કારણ બહાર લાવવા કવાયત શરુ કરી છે.

ગાંધીનગર નજીક કોબા-ઈન્દિરાબ્રીજ વચ્ચે સુઘડ નર્મદા કેનાલમાં ગઈ મોડી સાંજે એક યુવાને ઝંપલાવ્યું હતું. ગાંધીનગર ફાયરબ્રિગેડની ટીમને ઘટનાની જાણ થતા સ્થળ પર પહોંચી ગઈ હતી. કેનાલમાંથી આજે સવારે તે યુવાનનો મૃતદેહ મળી આવ્યો હતો. ઓઢવના અશોકભાઈ કાંતિભાઈ પરમારે અડાલજ પોલીસને ઘટનાની જાણ કરતા પોલીસ સ્થળ પર આવી ગઈ હતી. ઓઢવના નેમીનાથ પાર્ક સોસાયટીમાં રહેતા ૨૦ વર્ષીય હિતેશભાઈ રેવાભાઈ પરમારે કોઈ અગમ્ય કારણોસર કેનાલમાં ઝંપલાવી આપઘાત કરી લીધો હતો. પોલીસે મૃતદેહ પી.એમ. કરાવી અકસ્માત મોતનો ગુનો દાખલ કરી યુવાને કરેલા આપઘાતનું કારણ બહાર લાવવા તજવીજ શરુ કરી છે.

# ગાંધીનગરના રમતવીરો ગીનીસ વર્લ્ડ રેકોર્ડ અને એશિયા બુક રેકોર્ડમાં ઝળહળ્યા






ગાંધીનગર, તા.૨૮

તાજેતરમાં કર્ણાટક રાજયના બેલગામ મુકામે તા. ૧૮ અને ૧૯મી મેના રોજ ગીનીસ વર્લ્ડ રેકોર્ડ તથા એશીયા બુક રેકોર્ડમાં સ્કેટીંગ રોલ-બૉલની રમતમાં ભારતમાંથી ૩૦૯ રમતવીરો પૈકી ગુજરાતના ૯ રમવીરોએ ભાગ લીધો હતો. જેમાં ગાંધીનગરના સ્કુલ ઓફ એચીવર કુડાસણની ૫ વિદ્યાર્થીનીઓ દેવાંશી પટેલ, જીલ કાકડિયા, હેલી શાહ, જીયા પટેલ અને હનીશા બઠેજા તથા માઉન્ટ કાર્મેલ સ્કુલનો વિદ્યાર્થી પ્રાન્સુ પટેલ તથા રાયણ ઈન્ટરનેશનલ સ્કુલ સુરતના પ્રેમાન્સુ સીંગ અને પ્રેયર વેકરીયા તથા ભરતવાજ યજુરવાએ ભાગ લીધો હતો.

આ રમતવીરોએ ગીનીસ વર્લ્ડ રેકોર્ડ તથા એશીયા બુક રેકોર્ડમાં પોતાનું નામ નોંધાવી પોતાનું, શાળાનું તેમજ પોતાના પરિવારજનોનું નામ રોશન કર્યું છે.

ગુજરાત રોલ-બૉલ સ્કેટીંગના ટેકનીકલ ડાયરેકટર ભાર્ગવ આયર તથા પ્રમુખ ધર્મેશ પરમાર તથા સેક્રેટરી દિવ્યેશ ગોહીલ જણાવે છે કે આ એક ખુબ જ મોટી ઉપલબ્ધિ છે જે રમતવીરોને ખૂબ જ પ્રેરણાદાયી નીવડશે. આ ખેલાડીઓ સતત ત્રણ ચાર વર્ષથી રાજય કક્ષા તથા રાષ્ટ્રકક્ષાએ પણ ઉત્કૃષ્ઠ દેખાવ કરી પ્રથમ, દ્વિતિય તથા તૃતીય નંબર પણ મેળવી ચુકયા છે.

શહેરના આ તમામ રમતવીરોને કોચ ભાર્ગવભાઈ, હિરેનભાઈ તથા ઈમરાનભાઈએ આ સિધ્ધિ મેળવવા બદલ ખુબ ખુબ અભિનંદન પાઠવ્યા છે.

# ચોરીના ગુનામાં ત્રણ વર્ષથી વોન્ટેડ આરોપી પકડાયો

## માણસા તાલુકાના મહુડી ગામમાંથી આરોપીને એસઓજીની ટીમે દબોચી લીધો

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર એસઓજીની ટીમે અરવલ્લી જિલ્લાના ચોરીના ગુનામાં ત્રણ વર્ષથી નાસતા ફરતા એક આરોપીને ગઈ કાલે પકડી પાડયો હતો. ટીમને બાતમી મળી હતી કે આ શખ્સ માણસા તાલુકાના મહુડી ગામે પોતાના ઘરે આવ્યો છે જે આધારે તેના ઘરેથી આ શખ્સને દબોચી એસઓજીની ટીમે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ગાંધીનગર એસઓજી પી.આઈ. પરેશ સોલંકીની સુચનાથી તેમની એક ટીમે નાસતા ફરતા આરોપીઓ પકડવા બાતમીદારો સક્રીય કર્યા છે. પીએસઆઈ જે.આર. કરોતરાની ટીમ ગઈ કાલે માણસા પોલીસ સ્ટેશનની હદમાં પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન હેડ કોન્સ્ટેબલ હિતેન્દ્રસિંહ અને ભૂપેન્દ્રસિંહને સંયુકત બાતમી મળી



હતી કે મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનના ચોરીના ગુનામાં છેલ્લા ત્રણ વર્ષથી નાસતો ફરતો આરોપી પરબત ઉર્ફે પબસિંહ દોલતસિંહ રાઠોડ (રહે. મહુડી, માણસા) તેના ઘરે આવેલો છે. આ બાતમી આધારે તેના ઘરે જઈ એસઓજીની ટીમે વોન્ટેડ આરોપી પરબત રાઠોડને પકડી પાડયો હતો. આરોપીની અટકાયત કરી મોડાસા રૂરલ પોલીસને સોંપી દેવામાં આવ્યો છે.

# શહેરના આઈસ્ક્રીમ પાર્લરો પર વિદ્યાર્થીઓની ભારે ભીડ

ગાંધીનગર, તા.૨૮

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધો-૧૦ની માર્ચ ૨૦૧૮માં લેવાયેલ પરિક્ષાનું પરિણામ આજે જાહેર થયું હતું. ત્યારે શાળાઓની બહાર કંઈ ખુશી કહીં ગમ જેવો માહોલ જોવા મળ્યો હતો. તો બીજી તરફ શાળાઓની આસપાસ આવેલા આઈસ્ક્રીમ પાર્લરો તેમજ ઠંડા પીણાની દુકાનો પાસે વિદ્યાર્થી ભાઈ બહેનોની ભારે ભીડ જામી હતી. જયારે મીઠાઈની દુકાનોમાં પણ નાગરીકોની ભારે ચહલ પહલ જોવા મળી હતી. ત્યારે આજે ધો-૧૦ના પરિણામને પગલે પાર્લર માલિકોને ધંધામાં તેજી જોવા મળી હતી.

ગાંધીનગર શહેરમાં કાળઝાળ ગરમી પડી રહી છે. બપોર થતા જ શહેરના માર્ગો સુમસામ થઈ જાય છે. અંગ દઝાડતી ગરમીને પગલે નાગરીકો ઘરમાં પુરાઈ રહે છે. ગરમીથી બચવા માટે રોજ નવા નુસખા અપનાવી રહ્યા છે તો બીજી તરફ ઠંડા પીણા તેમજ ઠંડી ચીજવસ્તુઓ આરોગી ગરમીથી રાહત નાગરીકો મેળવી રહ્યા છે. તે સમયે આજે ધો-૧૦ના પરિણામને પગલે પાર્લરો પર પોતાના મિત્ર વર્તુળને પાર્ટી આપતા વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં જોવા મળ્યા હતા. ગરમીને પગલે વિદ્યાર્થીઓ તેમજ વાલીઓ આઈસ્ક્રીમ, લસ્સી, છાશ સહિત ઠંડા પીણા પીતા નજરે પડ્યા હતા. સામાન્ય દિવસો કરતા શહેરના ઘ માર્ગ પર આવેલા પાર્લરો પર સૌથી વિશેષ ભીડ જોવા મળી હતી.

## ડેમોક્રેટિક પીપલ્સ એસોસિએશનની બેઠક મળી

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર સ્થિત કાર્યરત ડેમોક્રેટિક પીપલ્સ એસોસિએશનની તાજેતરમાં સામાન્ય બેઠક યોજાઈ હતી. જેમાં ગત વર્ષના હિસાબો અને ઓડિટ તથા નવી કારોબારી રચવા ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

આ બેઠક ભાનુકાન્ત પરમારના અધ્યક્ષસ્થાને મળી હતી. બેઠકમાં રાજકોટમાં દલિત યુવાન મુકેશ વાણીયાની હત્યાને સખત શબ્દોમાં વખોડી મૃતકના પરિવારને ખાસ કિસ્સામાં સરકાર તરફથી રૂ. ૨૫ લાખની સહાય આપવામાં આવે તેવા ઠરાવ કરી તેને સર્વાનુમતે મંજુર કરવામાં આવ્યો હતો. આ બેઠકની આભારવિધિ ડૉ. અમૃતલાલ સોલંકી તથા સફળ સંચાલન વિરચંદભાઈએ કર્યું હતું.

# ઉમિયા સમાજ ભવન ખાતે સાયન્સ ટેક વર્કશોપનો પ્રારંભ

ગાંધીનગર, તા.૨૮

વેકેશન દરમિયાન વિદ્યાર્થીઓ પોતાની રજાઓનો સદઉપયોગ કરે તે હેતુથી નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા તા. ૨૮-૨-૨૦૧૮થી તા. ૧-૬-૨૦૧૮ સુધી સવારે ૮.૩૦ થી ૧૧ કલાક દરમિયાન ઉમિયા માતાજી સંસ્થાન, સેકટર-૧૨ ખાતે આયોજિત સાયન્સ ટેક વર્કશોપનો આજથી પ્રારંભ કરવામાં આવ્યો છે.

પાંચ દિવસ દરમિયાન વિદ્યાર્થીઓની રસ અને રુચિને ધ્યાનમાં લઈને વવિધ વર્કશોપ જેવા કે મોડેલ રોકેટરી વર્કશોપ, એરોમોડેલીંગ વર્કશોપ, રોબોટીકસ વર્કશોપ, હેમ રેડિયો વર્કશોપ, સાયન્સ મેજીક વર્કશોપ, ટેનગ્રામ






વર્કશોપ, ભૌમિતિક આકાર બનાવવાનો વર્કશોપ જેવા રસપ્રદ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું છે.

આ વર્કશોપના પ્રથમ દિવસે મોડેલ રોકેટરી વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. ડૉ. અનિલભાઈએ વિદ્યાર્થીઓને રોકેટની આંતરિક રચના, તેના વિવિધ ભાગો પીએસએલવી, જીએસએલવી રોકેટ વિશે ઊંડાણપૂર્વક સમજ આપી હતી. રોકેટ વિજ્ઞાનના કયા સિધ્ધાંત પર કામ કરે છે તેની ચર્ચા કરી હતી. વિદ્યાર્થીઓએ ચાર્ટ પેપર, કાર્ડ પેપરમાંથી સીંગલ સ્ટેજ રોકેટ, ડબલ સ્ટેજ રોકેટ, પેરાશુટ રોકેટ બનાવ્યા હતા. ઉપરાંત રીમોટ કંટ્રોલથી આ રોકેટનું લોન્ચીંગ પણ કર્યું હતું. રોકેટ કેટલી ઉંચાઈએ ગયું તેની વૈજ્ઞાનિક ગણતરી પણ શીખવવામાં આવી હતી. આ વર્કશોપમાં ૬૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. વર્કશોપને સફળ બનાવવામાં નિસર્ગ સાયન્સ સેન્ટરના કો ઓર્ડીનેટર હાર્દિક મકવાણા તથા શિવાંગ પટેલે ભારે જહેમત ઉઠાવી હતી.

## ચિરવિદાય

- સ્વ. નિમાવત જયંતિલાલ ખીમદાસ, ઉ.વ. ૫૭
- સ્વ. ફુલાબેન બળદેવસિંહ ડાભી, ઉ.વ. ૮૦